# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-10-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## આવતીકાલે રાષ્ટ્રીય એકતા દિવસ:

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે આવતીકાલે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાશે. જે અંતર્ગત સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો યોજાશે.

કચ્છમાં જીલ્લા મથક ભુજ ખાતે સવારે ૮.૦૦ વાગ્યે આર.ડી.વરસાણી હાઈસ્કૂલ ખાતેથી રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, નાગરિકો, સરકારી વિભાગો, ભુજ નગરપાલિકા, અને વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સહભાગી બનશે.

રન ફોર યુનિટીને આર.ડી.વરસાણી ખાતેથી મહાનુભાવોની ઉપસ્થિતિમાં લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવશે. આ પ્રસંગે રાષ્ટ્રીય એકતાના શપથ પણ લેવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## PM-કંડલા પોર્ટ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુંબઈના ઈન્ડિયા મેરીટાઇમ વીક 2025માં 'મેરીટાઇમ લીડર્સ કોન્ક્લેવ'ને સંબોધન કરતા કંડલા પોર્ટની પ્રશંસા કરી તેને દેશનું ગૌરવ ગણાવ્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે, પ્રથમ વખત, કોઈ ભારતીય બંદરે મેગાવોટ-સ્કેલ સ્વદેશી ગ્રીન હાઇડ્રોજન સુવિધા સ્થાપિત કરી છે - અને આ સીમાચિહ્ન કંડલા પોર્ટ દ્વારા હાંસલ કરાયું છે.

(બાઈટ-PM)

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રીની ગત મે મહિનાની કચ્છની મુલાકાત દરમ્યાન 10 મેગાવોટ પ્લાન્ટનો શિલાન્યાસ કરાયો હતો. ત્યારબાદ કંડલા પોર્ટે દેશના પ્રથમ મેક-ઇન-

ઇન્ડિયા-આધારિત 1 મેગાવોટના ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટને સફળતાપૂર્વક સ્થાપિત કરીને ભારતના બંદર ક્ષેત્રમાં એક નવા યુગની શરૂઆત કરી હતી.

---

## માંડવીના જહાજની ઘટનામાં ખલાસીઓનો બચાવ:

માંડવીના એક જહાજમાં સોમાલિયા નજીક બનેલી  આગની ઘટનામાં તમામ ખલાસીઓનો બચાવ થયો છે. જહાજમાં સવાર તમામ 16 ખલાસીઓ પોતાનો જીવ બચાવવા માટે દરિયામાં કૂદી પડ્યા હતા. સ્થાનિક કોસ્ટગાર્ડ અને અન્ય એક જહાજ 'અલ ફઝલ'ની મદદથી તમામ ખલાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. માંડવીની હાજી એન્ડ સન્સ પેઢીનું 'ફઝલે રબ્બી જહાજ સોમાલિયાના કિસ્માયુ બંદરેથી દુબઈ જવા રવાના થયું હતું. બંદરથી આઠ નોટિકલ માઈલ દૂર પહોંચતા જ જહાજના એન્જિનમાં ટર્બો ફાટવાને કારણે અચાનક આગની ઘટના બની હતી. આગ ઝડપથી આખા જહાજમાં ફેલાઈ ગઈ હતી. પરિસ્થિતિ કાબૂ બહાર જતાં, જહાજ પર હાજર ખલાસીઓએ પોતાનો જીવ બચાવવા માટે દરિયામાં કૂદી પડ્યા હતા. બચાવી લેવાયેલા તમામ ખલાસીઓ માંડવી તાલુકાના રહેવાસી છે અને તેમને જહાજ મારફતે માંડવી લાવવામાં આવી રહ્યા છે.

કરોડો રૂપિયાની કિંમતનું જહાજ દરિયામાં બળીને ખાખ થઈ જતાં મોટું નુકસાન થયું છે. આ ઘટનાથી માંડવીના જહાજ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં ચિંતાનો માહોલ છવાયો  છે.

---

## SIR:

ચૂંટણી પંચે ગુજરાત સહીત દેશના 12 રાજ્યોમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન એટલે કે SIR પ્રક્રિયા શરૂ કરવાની કરેલી જાહેરાતના પગલે કચ્છમાં પણ આગામી ચોથી નવેમ્બરથી બીએલઓ મતદારોના ઘરે-ઘરે જઈને મતદાર યાદીની ચકાસણીની કામગીરી કરશે. જેમાં મૃત વ્યક્તિઓના નામ, ડુપ્લિકેટ એન્ટ્રીઓ, અધૂરી માહિતીઓ, સ્થળાંતરિત અને અયોગ્ય નામોને દુર કરીને નવી માહિતી દાખલ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, કચ્છમાં 1848થી વધુ બુથ લેવલ ઓફિસરની નિમણુક પહેલા જ કરી દેવામાં આવી હતી.

---

## વરસાદી માહોલ:

રાજ્યમાં કારતકમાં અષાઢી માહોલ જામ્યો છે. આજે 69 તાલુકામાં કમોસમી વરસાદના અહેવાલ છે. ભાવનગરના મહુવામાં અઢી ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો. આ ઉપરાંત સિહોર, પાલિતાણા, તળાજામાં પણ એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલા ડીપ્રેશનના કારણે કચ્છના વાતાવરણમાં પણ છેલ્લા 4 દિવસ દિવસથી પલટો આવ્યો છે. અનેક તાલુકામાં ઝાપટા રૂપી વરસાદના સમાચાર છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી 2 નવેમ્બર સુધી જીલ્લામાં યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, 30થી 40 કિમી પ્રતિ કલાકમી ઝડપે પવન ફુંકાવાની શક્યતા વ્યક્ત કરાઈ છે.

આગામી 5 દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચના આપવામાં આવી છે.

દરમ્યાન, બદલાયેલા વાતાવરણમાં વચ્ચે છેલ્લા 4 દિવસથી ધાબડિયો માહોલ છવાયેલો રહ્યો છે અને જીલ્લાના કેટલાક વિસ્તારોમાં દિવસે પણ ઠંડીનો અનુભવ થઇ રહ્યો છે અને લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતા ૬ થી ૯ ડીગ્રીનો ઘટાડો નોંધાઈ રહ્યો છે

---

## આદર્શ યુવા ગ્રામ સભા:

સરકાર આજે નવી દિલ્હીમાં આદર્શ યુવા ગ્રામ સભા – MYGS પહેલનો આરંભ કર્યો છે. આ કાર્યક્રમ દરમિયાન MYGS પર એક તાલીમ માળખા અને MYGS પૉર્ટલનું પણ અનાવરણ કરાયું. પંચાયતી રાજ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ પહેલનો ઉદ્દેશ લોકભાગીદારીને મજબૂત કરવી અને વિદ્યાર્થીઓને ગ્રામસભા સત્રોમાં સામેલ કરીને સહભાગી

વહીવટી તંત્રને પ્રોત્સાહન આપવાનો છે. મંત્રાલયે વધુમાં જણાવ્યું, દેશભરની એક હજારથી વધુ શાળામાં આ પહેલની શરૂઆત કરાશે.

---------------------------------------------------------------------------------------------------